# શ્રીનગરમાં આત્મઘાતી હુમલો : પાંચ જવાન શહીદ

શ્રીનગર,તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં ત્રણ વર્ષની અંદર પ્રથમ આતંકવાદી હુમલો થયો છે. આ આતંકવાદી હુમલાથી ફરી એકવાર જમ્મુ કાશ્મીર સરકાર અને કેન્દ્રની યુપીએ સરકાર હચમચી ઉઠી છે. આતંકવાદીઓએ આ હુમલો કરીને તેમની હાજરી પુરવાર કરી છે. આજે કરવામાં આવેલા પ્રથમ આત્મઘાતી હુમલામાં પાંચ જવાનો શહિદ થયા હતા અને અન્ય ૧૦ જવાનો ઘાયલ થયા હતા. બે આતંકવાદીઓને પણ લાંબી અથડામણ બાદ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. શ્રીનગર શહેરમાં બેમિનામાં સીઆરપીએફ કેમ્પ પર આ આતંકવાદી હુમલો થયો હતો. હુમલાને અંજામ આપનાર બંને આત્મઘાતી આતંકવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ઘટના સ્થળેતી માહિતી આપતા પોલીસ અધિકારીએ કહ્યુ હતુ કે આતંકવાદીઓ સૌથી પહેલા ગ્રેનેડો ઝિંકયા હતા અને ત્યારબાદ સીઆરપીએફ કેમ્પ પર અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. બંને આત્મઘાતી



આતંકવાદીઓને સુરક્ષાદળોના ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સમગ્ર શ્રીનગરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ હજુ પણ ચાલી રહી છે. આ મામલામાતપાસનો આદેશ કરી દેવામાં આવ્યો છે. આ આતંકવાદી હુમલાને અંજામ આપનાર આતંકવાદીની ઓળખ અને કયા સંગઠન સાથે સંકળાયેલા હતા તે અંગે વિરોધાભાસી અહેવાલ મળી રહ્યા છે. હુમલા દરમિયાન બે નાગરિકો પણ ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ હુમલાને વખોડી કાઢીને આની ટિકા કરી છે. બેમિનામાં સીઆરપીએફ કેમ્પની આસપાસ પોલીસ પબ્લિક સ્કૂલ અને ઘણી બધી સરકારી ઈમારતો આવેલી છે જો કે આતંકવાદી અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ તેના મૃતદેહને પરત આપવાની માંગણીને લઈને અલગતાવાદીઓએ દેખાવ કરતા આને બંધ રાખવામાં આવી હતી. છેલ્લા ત્રણ વર્ષની અંદર કાશ્મીરમાં પ્રથમ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો છે.

છેલ્લે જાન્યુઆરી ૨૦૧૦માં આ પ્રકારનો આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ઘાયલ થયેલા લોકોને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હુમલા બાદ જમ્મુ કાશ્મીરના અન્ય વિસ્તારોમાં પણ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. બીજી માર્ચના દિવસે આતંકવાદીઓએ કુપવાર જિલ્લાના હેંડવારાના બે પોલીસ જવાનોને ઠાર મારી દીધા હતા. આજના હુમલાને લઈને તમામ રાજકીય પક્ષોએ ટિકા કરી છે. મળેલી માહિતી મુજબ સીઆરપીએફ કેમ્પમાં હુમલો કર્યા બાદ આતંકવાદીઓ નજીકમાં આવેલી એક સ્કૂલમાં સંતાઈ ગયા હતા ત્યારબાદ સુરક્ષા જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. સીઆરપીએફના જવાનોએ વળતી કાર્યવાહી કરતા સામસામે ગોળીબારની રમઝટ ચાલ્યા બાદ બને આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. બંને આતંકવાદીઓના મૃતદેહ કબજે કરી લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ હુમલામાં આતંકવાદી સંગઠનોનો હાથ છે. ત્રાસવાદીઓ ક્રિકેટ કિટમાં હથિયાર છુપાવીને લાવ્યા હતા. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યુ હતુકે સવારે પોણા અગિયાર વાગે આ હુમલો કરવામાં આવ્યો હતો.

## હુમલામાં પકિસ્તાનનો હાથ હોવાનો ગૃહ સચિવનો દાવો

નવી દિલ્હી,તા.૧૩

શ્રીનગરમાં સીઆરપીએફ કેમ્પમાં આતંકવાદી હુમલો કરાયા બાદ કલાકો પછી જ કેન્દ્રિય ગૃહસચિવ આરકે સિંહે કહ્યુ હતુ કે આ હુમલામાં પાકિસ્તાનનો હાથ હોઈ શકે છે. પાકિસ્તાનમાં સરહદ પાર કરીને આવેલા આતંકવાદીઓનું આ કૃત્ય છે. આરકે સિંહે કહ્યુ હતુ કે પ્રાથમિક પૂરાવા સંકેત આપે છે કે સરહદ પારથી આવેલા આ આતંકવાદીઓએ આ હુમલાને અંજામ આપ્યો છે. અમારી પાસે એવી માહિતી આવી હતી કે ચાર આતંકવાદીઓ ઘૂસણખોરી કરી ગયા છે. હવે બે આતંકવાદીઓ માર્યા ગયા છે. જેથી બીજા બે આતંકવાદીઓની શોધખોળ હાથ ધરાઈ છે. અમારી તમામ યુનિટોને એલર્ટ કરી દેવામાં આવી છે. હુમલો કરાયા બાદ નાસી છુટેલા અને ભાગવામાં સફળ રહેલા બે આતંકવાદીઓની શોધખોળ ચાલી રહી છે. તોયબાના આતંકવાદીઓ હોઈ શકે છે તેમ સિંહે કહ્યુ હતુ. આજે કરાયેલા આ હુમલામાં પાચં સીઆરપીએફ જવાન શહીદ થયા હતા અને અન્ય ૧૦ જવાન ઘાયલ થયા હતા. બે નાગરિકોનો પણ આમા સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા મુજબ આતંકવાદીઓ ક્રિકેટની કિટમાં હથિયાર લઈને આવ્યા હતા અને ખેલાડીઓના વસ્ત્રોમાં આવ્યા હતા. કેમ્પની નજીક બાળકો રમી રહ્યા હતા. એવું લાગે છે કે આતંકવાદીઓની યોજના સુરક્ષાદળોને થાપ આપી કેમ્પમાં ઘૂસવાની હતી અને તેમાં સફળ પણ રહ્યા હતા. ક્રિકેટ કિટ અને ખેલાડીઓના વેશમાં જોઈને કોઈને શંકા ગઈ ન હતી. આ લોકો કેમ્પમાં પહોંચી ગયા હતા. આ આતંકવાદીઓ સોપોરેમાંથી આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે.

## એર ઈન્ડિયા દ્વારા હોલિડે પ્રવાસીઓને આકર્ષિત કરવા નવી યોજના તૈયાર

નવી દિલ્હી,તા.૧૩

ઉનાળા વેકેશનની શરૂઆત આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે એર ઈન્ડિયા દ્વારા હોલિડે પ્રવાસીઓને આકર્ષિત કરવા નવી યોજના તૈયાર કરી લેવામાં આવી છે જેના ભાગરૂપે વેકેશનના પ્રવાસીઓ માટે ૯૦ દિવસની એડવાન્સ ટિકિટ ખરિદી સ્કીમ શરૂ કરવામાં આવી છે. આ ટિકિટની કિંમત એરકન્ડિશન ટ્રેન ભાડા સમાન રહેશે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ આજે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતુ કે એડવાન્સ પર્ચેસ ફેર (એપેક્સ) સ્કીમ મુખ્યરીતે વેકેશનમાં મોટાભાગે પ્રવાસ કરતા લોકોને ટાર્ગેટ બનાવીને શરૂ કરવામાં આવી છે. હોલિડે સિઝન દરમિયાન મોટી સંખ્યામાં લોકો વિમાની યાત્રા કરી શકે તે હેતુસર આ સ્કીમ શરૂ કરાઈ છે. ટ્રેનના બદલે વિમાની યાત્રા કરવા લોકો વિકલ્પ આપવામાં આવ્યા છે. એર ઈન્ડિયાની સ્થિતિ માર્કેટ હિસ્સેદારીની દૃષ્ટિએ પણ વધુ મજબુત કરવાનો હેતુ રહેલો છે. એડવાન્સ ખરીદી ટિકિટ એર ઈન્ડિયા દ્વારા ઓપરેટેડ જુદા જુદા



રૂટ પર વેચાણ માટે ઉપલબ્ધ છે. આજથી જ આ ટિકિટોની ખરીદી કરી શકાશે. આ ગાળો ૯૦ દિવસ સુધી રહેશે. એસી ટ્રેન ભાડામાં વિમાની યાત્રા થઈ શકશે.દિલ્હી-મુંબઈ સેકટર પર ૯૦ દિવસના આ ગાળામાં એડવાન્સમાં આ ટિકિટની ખરીદી પર ખર્ચ ૩૯૮૧ રૂપિયા થશે. જ્યારે દિલ્હી-લખનૌ રૂટ પર ખર્ચ ૨૫૬૯ રૂપિયા થશે. આ ટિકિટો પ્રવાસ એજન્ટો, ઓનલાઈન ટ્રાવેલ એજન્ટો દ્વારા, એર ઈન્ડિયા વેબસાઈટ દ્વારા અથવા તો બુકિંગ ઓફિસ મારફતે ખરીદી શકાશે. સ્કીમને લઈને નવી સ્પર્ધા છેડાઈ જાય તેમ માનવામાં આવે છે. જાન્યુઆરી મહિનામાં સ્પાઈસ જેટે અને ગયા મહિનામાં જેટ એરવેજ દ્વારા આવી સ્કીમ શરૂ કરવામાં આવી હતી.

**ઉત્તર પ્રદેશનો ચર્ચિત સીઓ હત્યાકાંડ**

## પ્રતાપગઢમાં સીબીઆઈની ગાડી પર હુમલો : એકની ધરપકડ

પ્રતાપગઢ,તા.૧૩

ઉત્તરપ્રદેશના કુંડામાં બહુચર્ચિત સીઓના મોતની તપાસ કરી રહેલ સીબીઆઈ સામે અજ્ઞાત કારણોસર કોઈ લોકો સાક્ષી આપવા આવતા ડરી રહ્યા છે. લોકો ત્યાં સુધી ગભરાયેલા છે કે સીબીઆઈના અધિકારીઓ સાથે વાત કરવા પણ તૈયાર નથી. આ સ્થિતિ જોઈને અસામાજિક તત્વો બેકાબુ બની ગયા છે અને માણિકપુર વિસ્તારમાં રાત્રિના સમયે સીબીઆઈની ગાડી પર ભારે પથ્થરમારો કર્યો હતો. કુંડા કાંડની તપાસ કરી રહેલ સીબીઆઈની ટીમ પર કેટલાક તત્વોએ પથ્થરમારો કર્યો હતો જ્યારે સીબીઆઈની ટીમ કુંડા કેમ્પ કાર્યાલયમાંથી પૂછપરછ કરીને બુધવાર મોડી રાત્રે ઉંચાહાર સ્થિત ગેસ્ટહાઉસ જઈ રહી હતી ત્યારે પથ્થરમારાનો બનાવ બન્યો હતો. હુમલામાં સીબીઆઈની ટીમની ગાડીના કાચ તૂટી ગયા હતાં બાદમાં દોડી આવેલ સ્થાનીય પોલીસે પથ્થરમારો કરનારા લોકોની તપાસ કરી હતી પરંતુ રાત્રિનો સમય હોવાથી કોઈની ધરપકડ કરી શકાઈ નથી. સીબીઆઈના ડીઆઈજી અનુરાગ ગર્ગે જણાવ્યું હતું કે, આ સમગ્ર ઘટનાની માણિકપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે અને પોલીસે એક વ્યક્તિની ધરપકડ પણ કરી છે.

જોકે પોલીસનું કહેવું છે કે, પકડવામાં આવેલ વ્યક્તિની માનસિક સ્થિતિ સારી લાગતી નથી. પોલીસ આ વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશના દબંગ નેતા રઘુરાજ પ્રતાપસિંહ ઉર્ફ રાજાભૈયાનો આ વિસ્તારમાં ભારે દબદબો છે અને ચર્ચાતી ચર્ચા મુજબ તેમજ એઓની પત્નીએ મૂકેલ આરોપ મુજબ સમગ્ર મામલામાં રાજાભૈયાની પણ કથિત સંડોવણી છે. આ બાબતને જોતા આ હુમલો કરાયો હોવાની આશંકા સેવાઈ રહી છે.

## હેલિકોપ્ટર સોદાબાજી : ત્યાગીના આવાસ પર વ્યાપક દરોડા પડ્યા

નવી દિલ્હી,તા.૧૩

વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજીના મામલામાં તપાસના સંદર્ભમાં સીબીઆઈએ આજે સવારે આઈએએફના ભૂતપૂર્વ વડા એસપી ત્યાગીના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. હેલિકોપ્ટર સોદાબાજી કૌભાંડના સંદર્ભમાં ત્યાગી, અન્ય ૧૧ લોકો અને ચાર કંપનીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો છે. હવાઈદળના ભૂતપૂર્વ વડા સામે છેતરપિંડી અને કાવતરા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ ત્યાગીના આવાસ ઉપર દરોડા પાડતાં હવાઈદળમાં ખળભળાટ મચી ગયો છે. સીબીઆઈએ દિલ્હી અને એનસીઆરમાં ૧૪ સ્થળો ઉપર એક સાથે તપાસ હાથ ધરી હતી. સીબીઆઈએ તપાસના સંદર્ભમાં ત્યાગીના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. એફઆઈઆરમાં અન્ય જે લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં સતીષ બગરોડીયાનો સમાવેશ થાય છે. સતીષ બગરોડીયા ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સંતોષ બગરોડીયાના ભાઈ છે. કૌભાંડના સંદર્ભમાં ચાલી રહેલી તપાસના ભાગરૂપે દિલ્હી, ગુડગાંવ અને ચંદીગઢમાં ૧૪ સ્થળો ઉપર તપાસ હાથ ધરાઈ હતી. હવાઈદળના ભૂતપૂર્વ વડા એસપી ત્યાગી અને તેમના સંબંધિઓની ગયા સપ્તાહમાં સીબીઆઈ દ્વારા કલાકો સુધી પૂછપરછ કરાઈ હતી. ૩૬૦૦ કરોડ રૂપિયાની હેલિકોપ્ટર સોદાબાજીમાં કથિત કટકીના મામલામાં આ તપાસ ચાલી રહી છે. હવાઈદળના ભૂતપૂર્વ વડાની આશરે બે કલાક સુધી પૂછપરછ કરાઈ હતી. જ્યારે તેમના સંબંધીઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ અહેવાલમાં ઈટાલિયન પ્રોસીક્યુટર કહી ચૂક્યા છે કે હવાઈદળના ભૂતપૂર્વ વડા ત્યાગીના પરિવારના સભ્યો સાથે જે બે લોકો ઈટાલીમાં ઝડપાયા હતા તેમના ખૂબ નજીકના સંબંધ હતા. ત્યાગીના ભાઈ મારફતે પણ તેઓ મળી ચૂક્યા છે. આ કૌભાંડના ભાગરૂપે કેટલીક શરતો હળવી કરવામાં આવી હતી. સોદાબાજી પોતાની તરફેણમાં કરવા માટે જંગી કટકી આપવા માટે મોટી રકમ બાજુમાં રાખવામાં આવી હતી. ઈટાલીમાં આ કૌભાંડ સપાટી ઉપર આવ્યા બાદથી વિવાદો થઈ રહ્યા છ. ઈટાલીયન તપાસકારોએ કેસના સંદર્ભમાં ઓગસ્ટા વેસ્ટલેન્ડના સીઈઓની ધરપકડ કરી હતી. મધ્યસ્થીઓને નાણાં ચૂકવવામાં આવ્યા હતા.

## ઓસ્ટ્રેલિયાને ત્રીજી ટેસ્ટમાં હાર આપવા ભારત સુસજ્જ

મોહાલી,તા.૧૩

મોહાલીના મેદાન ઉપર આવતીકાલથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગવાસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા આ ટેસ્ટ મેચને જીતીને શ્રેણી જીતી લેવા માટે ઈચ્છુક છે. ભારત માટે ખૂબ સારા સંકેત પણ છે. કારણ કે ઓસ્ટ્રેલિયાની ટીમ હાલ ખૂબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. એકબાજુ તેના ચાર ખેલાડીઓને શિસ્તના કારણોસર પડતા મૂકી દેવામાં આવ્યા છે જેમાં આધારભૂત ઓલરાઉન્ડર શેન વોટ્સન અને મિશેલ જોન્સનનો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ જે ખેલાડીઓ ટીમમાં છે તે ફોર્મમાં દેખાઈ રહ્યા નથી. ઓપનીંગ બેટ્સમેન કોવાન સમગ્ર શ્રેણીમાં બિલકુલ ફ્લોપ રહ્યો છે. તમામની નજર ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ ક્લાર્ક ઉપર કેન્દ્રીત રહેશે. તે ચોક્કસપણે ઓસ્ટ્રેલિયન ટીમ માટે સંઘર્ષ કરતો નજરે પડ્યો છે. બીજી બાજુ ભારતીય ટીમના ખેલાડીઓનો નૈતિક જુસ્સો ખૂબ જ ઊંચો દેખાઈ રહ્યો છે. અશ્વિન અને રવિન્દ્ર જાડેજા તથા ભુવનેશ્વર કુમાર ખૂબ સારા ફોર્મમાં છે. આ ત્રણેની બોલિંગ સામે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો ટકી શક્યા નથી. મોહાલીના મેદાન ઉપર પણ અશ્વિન અને જાડેજા ઓસ્ટ્રેલિયન છાવણીમાં ખળભળાટ મચાવવા માટે તૈયાર છે. અશ્વિન સૌથી ઘાતક બોલર તરીકે ઊભરી આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમ શરૂઆતની બે ટેસ્ટ મેચમાં કારમી હાર ખાધ્યા બાદ આ ટેસ્ટ મેચમાં વધુ સારી રીતે રમવા આશાવાદી છે. ભારત ચેન્નાઈ અને હૈદરાબાદ ટેસ્ટ જીતીને પહેલાથી જ ૨-૦ની લીડ ધરાવે છે. મોહાલી મેદાન ફરી એકવાર ભાગ્યશાળી સાબિત થઈ શકે છે. અહીં ઓસ્ટ્રેલિયાની સામે ભારતે પોતાના બંને મેચોમાં જીત મેળવી છે. ભારતે મોહાલીમાં ડિસેમ્બર ૧૯૯૪માં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ વિન્ડીઝ સામે હારી ગયા બાદ અપરાજીત રહી છે. ભારતે આ મેદાન પર છેલ્લે નવ ટેસ્ટ મેચો પૈકી ૪માં જીત મેળવી છે અને પાંચ ટેસ્ટ મેચ ડ્રો રહી છે. ભારત આ મેદાન ઉપર ઘણા રેકોર્ડ ધરાવે છે. અનિલ કુંબલેએ આ મેદાન ઉપર જ નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. આ મેદાન ઉપર આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ કોઈ ફેરફાર કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

# ઉ.પ્ર.માં રૂપિયા ૧૦,૦૦૦માં વેચાવા લાગ્યા સપાના લેપટોપ

લખનૌ,તા.૧૩

ઉત્તરપ્રદેશ સરકારે પોતાના રાજ્યના વિદ્યાર્થીઓને ટેકનોલોજીની દોડમાં આગળ કરવાના હેતુસર વિનામૂલ્યે લેપટોપ વહેંચ્યા પરંતુ કેટલાક ગરીબ વિદ્યાર્થીઓ આ લેપટોપનું મહત્વ સમજી શક્યા નથી. લેપટોપ વિતરણ કરાયા બાદ કેટલાક વિદ્યાર્થીઓ ઘરે અથવા સ્કૂલ-કોલેજે જવાના બદલે સીધા બજારમાં પહોંચી ગયા અને દુકાનદારો સાથે વેચાણ કરવા માટેના પ્રયત્નો કરતા જોવા મળ્યા હતાં પરંતુ સરકાર દ્વારા અપાયેલ લેપટોપ હોવાના કારણે સ્થાનીય વહેપારીઓએ લેપટોપ ખરીદવાનો ઈન્કાર કર્યો હતો. સોમવારના રોજ ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં દસ હજાર વિદ્યાર્થીઓને લેપટોપ આપવામાં આવ્યા હતાં. વિતરણના થોડા સમય બાદ જ આ લેપટોપને વેચવા માટે પાસે આવેલી નાઝા માર્કેટમાં વિદ્યાર્થીઓ પહોંચી ગયા હતાં. એક ખેડૂત પુત્ર એવા વિદ્યાર્થીએ દુકાનદારને કહ્યું હતું કે, ભવિષ્યમાં નોકરી તો મળવાની નથી અને આગળ જતા મારે ખેતીકામ જ કરવાનું છે તો હવે આ લેપટોપ મારા કશા કામનું નથી માટે લેપટોપ ખરીદી પૈસા રોકડા આપી દો પરંતુ લેપટોપ સરકાર યોજનાનું હોય દુકાનદારે ખરીદવા ઈન્કાર કર્યો હતો. આવા અનેક કિસ્સાઓ લખનૌની આસપાસના વિસ્તારમાં જોવા મળ્યા હતાં. જોકે મોટાભાગના વિદ્યાર્થીઓના ચહેરા પર સરકાર દ્વારા લેપટોપ મળવાથી ખુશી જોવા મળતી હતી અને ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્ના જોવા શરૂ કર્યા હતા. લેપટોપ વેચવા નીકળેલા વિદ્યાર્થીઓના સમાચારોની પુષ્ટિ નામ ન છાપવાની શરતે કેટલાક દુકાનદારોએ સંવાદદાતાઓ સમક્ષ કરી હતી.

માધ્યમિક શિક્ષણ સચિવ પાર્થસારથીસેન શર્માએ જણાવ્યું હતું કે, સરકારે વિદ્યાર્થીઓને જે લેપટોપ આપ્યા છે તેના કવર પર સરકારી નિશાન છે.

વળી, લેપટોપ ઓન કરતાંની સાથે જ સ્ક્રીન ઉપર પણ સરકારી લોગો જોવા મળે છે જેથી લેપટોપની ઓળખ તરત જ કરી શકાય તેમ છે. તદ્ઉપરાંત ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ લેપટોપમાં એક મશીન નંબર પણ છે જેનાથી પ્રશાસનને ખબર પડશે કે ક્યા વિદ્યાર્થીને ક્યા નંબરનું લેપટોપ આપવામાં આવ્યું છે અને તેનો સમગ્ર



રેકોર્ડ વિભાગ પાસે રાખવામાં આવે છે. આ ઉપરાંત લેપટોપ આપતી વેળા જે-તે વિદ્યાર્થી પાસે રસીદ અને હસ્તાક્ષર લેવામાં આવ્યા છે. આ તમામ બાબતોના આધારે સમયાંતરે ચેકિંગ દરમિયાન સરકાર જાણી શકશે કે વિદ્યાર્થી પાસે સરકારી યોજનાનું લેપટોપ છે કે નહીં.

તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, સરકાર દ્વારા અપાયેલ લેપટોપનો અભ્યાસ અને કારકિર્દી ઘડવામાં ઉપયોગ કરે અને બજારમાં વેચે નહીં. વધુમાં તેમણે એમપણ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા આ યોજનામાં જોગવાઈ કરવામાં આવી છે કે, જો કોઈ વિદ્યાર્થી સરકારી યોજનાનું લેપટોપ વેચશે અથવા ખરીદશે તો આવા બંને કિસ્સામાં વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

## સમાચાર ઝલક

- ચેતજો... હિંમતનગરમાં એકના ૧૦ દિવસમાં ડબલ કરવાની લોભામણી સ્કીમ ભૂતકાળમાં ઘણા લોકો રડ્યાં છે!
- પંજાબમાં ત્રાસવાદને ફરી સજીવન કરવાના પ્રયત્ન શરૂ થયા છે.
- અયોધ્યામાં રામમંદિર બનીને જ રહેશે : સિંઘલની સિંહગર્જના.
- ભાવનગર જિલ્લાના મોણપુર રાજવી પરિવારનો પાયલોટ પુત્ર ભેદી સંજોગોમાં ગુમ.
- મિશેલ ઓબામા બેસ્ટ ડ્રેસ મહિલા તરીકે જાહેર કરાયા.
- સાબરકાંઠાના સરડોઇનાં જંગલમાં લાગેલી આગમાં વન્ય સંપત્તિને લાખોનું નુકશાન.
- કોલસા પ્રદૂષણ માનવ સ્વાસ્થ્ય માટે ખુબ જ હાનિકારક છે.
- ફ્રાન્સમાં બરફનું તોફાન ત્રાટક્યું, ૬૮,૦૦૦ મકાનોમાં વીજળી ડુલ.
- પહેલીવાર ત્રણેય ખાનબંધુઓની ફિલ્મ બોક્સ ઓફિસ પર ટકરાશે.
- જેલમાં પણ ડી.જી. વણઝારાને ઝેટ કેટેગરીની સુરક્ષા અપાય છે.
- લાંચના મીનીમમ ભાવ ૫ હજાર થઇ ગયાં છે. એક જ દિવસમાં લાંચરૂશ્વત પકડાયાનું સર્વે.
- શેઇમ! ૧૬ વર્ષની છોકરી પર ૧ દિવસમાં ૯૦ શખ્સોએ બળાત્કારનો બનાવ બ્રિટનમાં બન્યો.
- ભૂજ જેલમાં કેદીનું શંકાસ્પદ મોતથી કેદીઓની ભૂખ હડતાળ.
- મસાલા સિઝન શરૂ, મરચાના ભાવ સિસકારા બોલાવે છે, હળદર-ધાણા પણ મોંઘા.
- અફઘાનિસ્તાનમાં અમેરિકન હેલીકોપ્ટર તૂટી પડતા પાંચ અમેરિકન સૈનિકોનાં મોત.
- ભારતમાં ૨૫ અબજની બનાવટી નોટો ઘૂસાડ્યાનો અહેવાલ.
- એપ્રિલથી મોંઘવારીનો નવો ડામ, ટ્રક, રેલવેનાં ભાડા, વીમાનું પ્રિમિયમનાં ભાવો વધશે.

## હાલ ઈન્ટલિજન્સ બ્યુરોમાં ૮ હજારથી વધારે જગ્યા ખાલી

નવી દિલ્હી,તા.૧૩

દેશમાં વારંવાર ભીષણ આતંકવાદી હુમલા કરવામાં આવી રહ્યા હોવા છતાં ઘણી બધી બાબતો તરફ સરકારે હમેશા ઉદાસીનતા રાખી છે. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે જ છેલ્લો હૈદરાબાદ બ્લાસ્ટ થયો હતો. તેમાં પણ ઈન્ટલિજન્સની નિષ્ફળતા સપાટી ઉપર આવી હતી પરંતુ હવે આના માટે બીજા કારણો પણ સપાટી ઉપર આવ્યા છે. સરકારે જ કબૂલાત કરી છે કે ઈન્ટલિજન્સ બ્યુરોમાં ૮૦૦૦થી વધુ જગ્યાઓ ખાલી પડેલી છે. ઓછી વ્યવસ્થાના કારણે ઘણી તકલીફ ઊભી થઈ રહી છે. યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થઈ રહ્યા નથી. તે પણ મુખ્ય કારણો પૈકી કારણ છે. આઈબીમાં ૨૬૮૬૭ જવાનોના મંજૂર કરવામાં આવેલા સંખ્યાબળની સામે હાલમાં ૧૮૭૯૫ કર્મચારીઓ છે અને ૮૭૭૨ જગ્યાઓ ખાલી છે. એટલે કે ૩૦ટકાની આસપાસ ઈન્ટલિજન્સ બ્યુરોમાં જગ્યા ખાલી પડી છે. લોકસભામાં એક લેખિત પ્રશ્નોના જવાબમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. સરકારનું કહેવું છે કે જગ્યાઓને ભરવા માટે ઘણા પ્રયાસ થઈ રહ્યા છે. તમામ મંત્રાલયો અને વિભાગોમાં સીધી ભરતી ઉપર પ્રતિબંધ મૂકવાની સરકારની સ્કીમના અમલીકરણના લીધે પણ જગ્યાઓ ખાલી પડેલી છે. જો કે સરકારે વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન આઈબીમાં ઓપરેશનલ હોદ્દાઓ માટે મુક્તિ આપી હતી. સાથે સાથે વર્ષ ૨૦૦૮-૧૨ દરમિયાન ઈન્ટલિજન્સની તાકાને વધુ મજબૂત કરવા જુદી જુદી સ્કીમ હેઠળ સરકાર દ્વારા ૬૦૦૦ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે ડેપ્યુટેશન ક્વોટાની ૧૫૦૦ જગ્યાઓ પણ ભરવામાં આવી નથી. કારણ કે યોગ્ય અધિકારીઓ મળી રહ્યા નથી. બ્યુરો દ્વારા વર્ષ ૨૦૦૮ બાદથી નિયમિત આધાર ઉપર જુદી જુદી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

## ત્રણ જ વર્ષમાં અર્થતંત્ર પાટા પર આવશે : સિંહ

નવી દિલ્હી,તા. ૧૩

અર્થતંત્રમાં રિકવરીના સંકેત વડાપ્રધાન મનમોહનસિંહે આપ્યા હોવા છતાં શેરબજારમાં નિરાશા સંપૂર્ણપણે દુર થઈ ન હતી. ભારતમાં વડાપ્રધાન મનમોહનસિંહે લોકસભામાં કહ્યું હતું કે આગામી બે ત્રણ વર્ષમાં અર્થતંત્ર ફરી રિકવર થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જીડીપી છેલ્લા થોડાક વર્ષમાં ધીમે પડ્યો છે. વડાપ્રધાને લોકસભામાં પ્રશ્ન કલાક દરમિયાન દરમિયાનગીરી કરતી વેળા જણાવ્યું હતુ કે અર્થતંત્રને પાટા પર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે હાલમાં પડકારરૂપ સ્થિતિ માટે ઘણા પરિબળો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં બે સંકટ આવેલા છે. ૨૦૦૮-૦૯માં બેંકિંગ સંકટ અને ૨૦૧૧માં યુરો ઝોન સંકટની સ્થિતિ ઉભી થઈ હતી. આ તમામ ચીજો અમારા અર્થતંત્ર પર અસર કરે છે. આના માટે અન્ય કારણો પણ છે. ભાજપના વરિષ્ઠ સભ્ય સાહનવાઝ હુસૈન દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેઓએ આ મુજબની વાત કરી હતી.